ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૧ તા.૧૮.૯.૨૦૧૭

**રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહની વિશેષ ઉપસ્થિતિમાં અમદાવાદ ખાતે યોજાયેલા સહકાર સંમેલનમાં ગુજરાતભરમાંથી વિશાળ સંખ્યામાં સહકારી આગેવાનો-કાર્યકરો ઉપસ્થિત રહ્યા.**

---------------

**સમગ્ર ગુજરાતમાંથી પધારેલા સહકારી આગેવાનોએ અત્યંત ઉત્સાહ, ઉમંગ અને જોશસભર વાતાવરણમાં તલવાર, પાઘડી, શાલ તેમજ સ્મૃતિચિહ્નો દ્વારા રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહનું ભવ્યાતિભવ્ય અભિવાદન કર્યુ હતું**

---------------

**ગુજરાતનો વિકાસ દેશ અને દુનિયાને દેખાય છે પણ આ કોંગ્રેસને દેખાતો નથી કારણ કે, તેની દ્રષ્ટિ જ ઇટાલીયન છે - શ્રી અમિતભાઇ શાહ**

---------------

**ગુજરાતના આર્થિક વિકાસનો આત્મા ગુજરાતનું સહકારી આંદોલન છે- શ્રી અમિતભાઇ શાહ**

---------------

ગુજરાત ભાજપા પ્રદેશ પ્રવક્તાશ્રી ભરતભાઇ પંડયાએ જણાવ્યું હતુ કે, આજરોજ અમદાવાદ ખાતે રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહની વિશેષ ઉપસ્થિતિમાં ગુજરાત ભાજપા દ્વારા સહકાર સંમેલન યોજાયું હતું. આગામી ચૂંટણીઓમાં ૧૫૦થી વધુ બેઠકો જીતવાના વિજયવિશ્વાસ સાથે યોજાયેલા આ સંમેલનમાં ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી, મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતીનભાઇ પટેલ, કેન્દ્રિય મંત્રીશ્રીઓ શ્રી પુરૂષોત્તમભાઇ રૂપાલા, શ્રી હરીભાઇ ચૌધરી, રાજ્યના મંત્રીશ્રીઓ શ્રી શંકરભાઇ ચૌધરી, શ્રી ઇશ્વરભાઇ પટેલ, આયોજન પંચના ઉપાધ્યક્ષશ્રી નરહરીભાઇ અમીન, પૂર્વમંત્રી અને ગુજકોમાસોલના ચેરમેનશ્રી દિલિપભાઇ સંઘાણી તેમજ ગુજરાતભરમાંથી વિશાળ સંખ્યામાં સહકારી આગેવાનો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી પંડયાએ જણાવ્યુ હતુ કે, કાર્યક્રમની શરૂઆત દિપ પ્રાગટ્યથી થઇ અને સહકારી આગેવાન અને ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ બેંકના ચેરમેનશ્રી અજયભાઇ પટેલે સ્વાગત પ્રવચન કર્યુ હતું. સમગ્ર ગુજરાતમાંથી પધારેલા સહકારી આગેવાનોએ અત્યંત ઉત્સાહ, ઉમંગ અને જોશસભર વાતાવરણમાં તલવાર, પાઘડી, શાલ તેમજ સ્મૃતિચિહ્નો દ્વારા રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહનું ભવ્યાતિભવ્ય અભિવાદન કર્યુ હતું.

રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહે તેમના વક્તવ્યમાં જણાવ્યુ હતુ કે, તેઓને વર્ષોથી ગુજરાતભરના સહકારી આગેવાનો સાથે નજીકથી કામ કરવાનો મોકો મળ્યો છે. આ અનુભવો જીવનના દરેક ક્ષેત્રમાં કામ લાગે છે. ગુજરાતનું સહકારી ક્ષેત્ર દેશભરમાં એક આદર્શ સહકારી ક્ષેત્ર બન્યુ છે તેનું આપણને ગૌરવ છે. ગુજરાતના આર્થિક વિકાસનો આત્મા ગુજરાતનું સહકારી આંદોલન છે. શ્રી અમિતભાઇએ કહ્યુ હતુ કે, હું દેશના બીજા રાજ્યોમાં જાઉ છું ત્યારે લોકો પૂછે છે કે ગુજરાતનો આટલો વિકાસ કેવી રીતે થયો? ત્યારે હું કહુ છું કે ગુજરાતની ભાજપા સરકારોની ખેડૂતલક્ષી અને જનકલ્યાણકારી નીતિઓ સાથે સુદ્રઢ સહકારી માળખું તેના પાયામાં છે. સહકારી સંસ્થાઓએ ગુજરાતના આર્થિક વિકાસમાં પ્રાણ પુરવાનું કામ કર્યુ છે. ગુજરાતમાં સહકારી માળખામાં ભૂતકાળમાં સમય સાથે પરિવર્તનો ન થયા, જેના કારણે ગુજરાતના સહકારી માળખાએ અનેક ઝંઝાવાતો સહન કર્યા છે. પરંતુ ફીનીક્સ પક્ષીની જેમ ફરીથી ગુજરાતનું સહકારી માળખું બેઠુ થયું અને ભારતમાં અગ્રેસર બન્યુ છે. ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વ હેઠળ ગુજરાતના સહકારી માળખાને મજબૂત બનાવવા માટેની કવાયતો શરૂ થઇ હતી. ભૂતકાળમાં ડેરીનું માળખું ફક્ત દક્ષિણ અને ઉત્તર ગુજરાત પુરતુ સિમિત હતું ત્યારે શ્રી નરેન્દ્રભાઇએ સૌરાષ્ટ્ર અને કચ્છના એક-એક જીલ્લામાં ડેરીનું માળખું ઉભું કરવાનો નિર્ણય કર્યો. ખેડુતોની લોનના ૧૪ ટકા વ્યાજથી ફક્ત ૧ ટકા વ્યાજ જેટલા નજીવા દરે ઉપલબ્ધ કરાવવાનું કામ ભાજપાએ કર્યુ. શ્રી અમિતભાઇ શાહે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીને ગુજરાત પ્રત્યેની સંવેદના અને લાગણીને વર્ણવતા કહ્યુ હતુ કે, ગઇકાલે જ ગુજરાત યાત્રા બાદ વડાપ્રધાનશ્રીએ ગુજરાતના કિશાનોના પાકવિમાની પ્રારંભિક ચૂકવણી માટે રૂપિયા ૯૨૩ કરોડ જેટલી માતબર રકમ મંજુર કરી છે.

...૨...

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



શ્રી અમિતભાઇ શાહે વધુમાં જણાવ્યુ હતુ કે, ભાજપાએ ગુજરાતને ટેન્કરરાજ અને કરફ્યુમાંથી મુક્તિ અપાવી છે. નર્મદા યોજના જેવી બહુહેતુક અને ગુજરાતની જીવાદોરી સમાન યોજનામાં પણ વારંવાર કોંગ્રેસ દ્વારા રોડા નાખવા છતાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વ હેઠળની ભાજપા સરકારે અનેક વિઘ્નો ઓળંગીને તેને ગઇકાલે જ જનતાની સેવામાં અર્પણ કરી છે. શ્રી અમિતભાઇ શાહે કોંગ્રેસ પર આકરા પ્રહારો કરતાં જણાવ્યુ હતુ કે, હવે ચૂંટણીની સીઝન આવી છે ત્યારે બધા જ કોંગ્રેસી સત્તા માટે નીકળી પડ્યા છે અને મોટા મોટા વચનો આપે છે કે અમે આમ કરીશુ ને તેમ કરીશુ. હું કોંગ્રેસને પુછવા માંગુ છું કે તમને ૫૦-૫૦ જેટલા વર્ષો આપ્યા ત્યારે કેમ કાંઇ ન કર્યુ? શા માટે દાયકાઓથી ગુજરાતને અન્યાય જ કર્યો?

શ્રી અમિતભાઇ શાહે જણાવ્યુ હતુ કે, અમે જનતાની સેવામાં કાર્યરત છીએ અને જનતાને તમામ હિસાબો આપવા તૈયાર છીએ. અમે એવું કોઇ કામ નથી કર્યુ કે અમારે મો છુપાવવું પડે કે હિસાબ આપતા ડર લાગે. ગુજરાતનો વિકાસ દેશ અને દુનિયાને દેખાય છે પણ આ કોંગ્રેસને દેખાતો નથી કારણ કે, તેની દ્રષ્ટિ જ ઇટાલીયન છે. ૨૦૧૪ પછી મહારાષ્ટ્ર, હરીયાણા, ઝારખંડ, કશ્મીર, ઉત્તરાખંડ, ઉત્તરપ્રદેશ, આસામ અને મણીપુર સહિતના રાજ્યોમાં ભાજપા વિજયી બની છે. ત્યારે ગુજરાતની આ વિકાસયાત્રાને બરકરાર રાખવાની તમામ જવાબદારી સૌ સહકારી આગેવાનોની છે. ફરીથી ગુજરાતને કરફ્યુયૂક્ત ન બનાવવું હોય, ટેન્કરયૂક્ત ન બનાવવું હોય કે ભ્રષ્ટાચારયૂક્ત ન બનાવવું હોય તો સહકારી આગેવાનો ગુજરાતના દરેક ખેડુતો સુધી ગુજરાતની વિકાસગાથા પહોંચાડે. ગુજરાતના ખેડુતો અને સામાન્ય જનની ખુશાલી માટે આગામી ચૂંટણીમાં ૧૫૦ થી વધુ બેઠકો જીતવા માટે કાર્યરત રહેવા સૌ સહકારી ક્ષેત્રના આગેવાનોને આહવાન્ કર્યુ હતું.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ તેમના વક્તવ્યમાં જણાવ્યુ હતુ કે, ગુજરાતમાં વ્યાપક રીતે ફેલાયેલા સહકારી ક્ષેત્રના વટવૃક્ષ દ્વારા છેવાડાના માનવીના ઉત્કર્ષ માટે તેમજ સામાન્ય માનવી પગભર બને તે માટેની ભરપુર ક્ષમતા સહકારના માળખામાં રહેલી છે તેનો લાભ ઉઠાવવા ઉપસ્થિતોને અનુરોધ કર્યો હતો. માધુપુરા બેંકની કટોકટીની ઘટના બાદ ગુજરાતના લોકોનો સહકાર ક્ષેત્ર પરથી વિશ્વાસ ઉઠી ગયો હતો તેને પ્રસ્થાપિત કરવાનું કાર્ય ભાજપાની સરકારે કર્યું છે. આ ઉપરાંત ભૂકંપ, વાવાઝોડા, પુર જેવી કુદરતી આપત્તિઓ તથા વિપક્ષોના વિકાસ વિરોધી રોડા છતાં ગુજરાત અડીખમ રીતે આગળ વધી રહ્યું છે તેની રૂપરેખા તેમણે આપણી હતી. દેશ આગળ વધી રહ્યો છે ત્યારે ગુજરાત પણ તેમાં પાછળ ન રહેતા ભારતને આગળ વધારવા સહકાર ક્ષેત્ર પણ એક બનીને આગળ આવે તે માટે સંકલ્પબધ્ધ થવા તેમણે ઉપસ્થિત સહકાર ક્ષેત્રના આગેવાનોને અનુરોધ કર્યો હતો.

પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઇ વાઘાણીએ સ્વાગત પ્રવચન કરતાં જણાવ્યું કે જનતાની જરૂરિયાત મુજબ જ્યા જેવા નિર્ણયોની જરૂર લાગી એવા પ્રજા હિતકારી નિર્ણયો લઇ ભાજપા શાસિત સરકારે સાચા અર્થમાં લોક સેવા કરી છે. સહકારનો અર્થ જ સાચા કામ માટે જોડાવાનો નિર્દેશ કરે છે તેમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

કેન્દ્રિય કૃષિ મંત્રી શ્રી પુરૂષોત્તમ ભાઇ રૂપાલાએ જણાવ્યુ હતુ કે, ગુજરાતનું સહકારી માળખું એ સમગ્ર ભારતની શાન છે. ભારત સરકારે ચાલુ વર્ષના બજેટમાં રૂપિયા ૮૦૦૦ કરોડ જેટલી માતબર રકમની ફાળવણી ડેરી ઉદ્યોગ માટેની ટેકનોલોજીનાઅપગ્રેડેશન માટે ફાળવ્યા છે. પ્રાથમિક સહકારી મંડળીઓનું કોમ્પ્યુટરાઇઝેશન કરવા માટે પણ ભારત સરકાર તરફથી સહાય મળે છે. યોજનાબધ્ધ રીતે કામ કરવાની આવડત સહકારી ક્ષેત્ર પાસે છે.

આરોગ્ય રાજ્યમંત્રી શ્રી શંકરભાઇ ચૌધરી, રાજ્ય આયોજન પંચના ઉપાધ્યક્ષ શ્રી નરહરી અમીન, સહકાર મંત્રી શ્રી ઇશ્વરસિંહ પટેલ, પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા.

આ સહકાર સંકલનમાં ગુજરાતના પ્રભારી શ્રી ભૂપેન્દ્ર યાદવ, કેન્દ્રિય મંત્રી શ્રી હરીભાઇ ચૌધરી, મંત્રીશ્રીઓ સર્વશ્રી જશાભાઇ બારડ, બાબુભાઇ બોખિરિયા, પ્રદિપસિંહ જાડેજા, વલ્લભાઇ કાકડિયા, સહકાર ક્ષેત્રના અગ્રણીઓ સર્વશ્રી દિલીપભાઇ સંઘાણી, ડોલરભાઇ કોટેચા, શ્રી ઘનશ્યામભાઇ અમીન, શ્રી જ્યોતિન્દ્રભાઇ મહેતા તથા રાજ્યભર માંથી આવેલા સહકાર ક્ષેત્રના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

(ડૉ. હર્ષદ પટેલ)
કન્વીનરશ્રી–મીડિયા સેલ

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૨ તા.૧૮.૦૯.૨૦૧૭

**પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીની અધ્યક્ષતામાં આવતીકાલે તા.૧૯ સપ્ટેમ્બરના રોજ અમદાવાદ ખાતે ભાજપાની 'પ્રદેશ બૃહદ કારોબારી બેઠક' મળશે**

---------------

**પ્રદેશ બૃહદ કારોબારી બેઠકમાં કેન્દ્રિય મંત્રીશ્રીઓ અને વિધાનસભા ચૂંટણીના પ્રભારીશ્રીઓ શ્રી અરૂણ જેટલીજી, શ્રીમતી નિર્મલા સીતારમનજી, શ્રી પી.પી. ચૌધરી, શ્રી જીતેન્દ્રસિંહ, રાષ્ટ્રીય મહામંત્રી અને પ્રદેશ પ્રભારીશ્રી ભૂપેન્દ્રજી યાદવ, રાષ્ટ્રીય સહસંગઠન મહામંત્રીશ્રી વી.સતીષજી તેમજ માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી ઉપસ્થિત રહેશે.**

---------------

ગુજરાત ભાજપા પ્રદેશ પ્રવક્તાશ્રી ભરતભાઇ પંડયાએ જણાવ્યું હતુ કે, પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીની અધ્યક્ષતામાં આવતીકાલે તારીખ ૧૯ સપ્ટેમ્બરે પંડિત દીનદયાળ ઓડિટોરિયમ, બોડકદેવ, અમદાવાદ ખાતે ભાજપાની 'પ્રદેશ બૃહદ કારોબારી બેઠક' મળશે. જેમાં કેન્દ્રિય મંત્રીશ્રી અને વિધાનસભા ચંટણીના પ્રભારીશ્રી અરૂણ જેટલીજી, શ્રીમતી નિર્મલા સીતારમનજી, શ્રી પી.પી.ચૌધરી, શ્રી જીતેન્દ્રસિંહ, રાષ્ટ્રીય મહામંત્રીશ્રી અને પ્રદેશ પ્રભારીશ્રી ભૂપેન્દ્રજી યાદવ, રાષ્ટ્રીય સહસંગઠન મંત્રીશ્રી વી.સતીષજી તેમજ માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતીનભાઇ પટેલ સહિત સૌ આગેવાનો ઉપસ્થિત રહેશે.

શ્રી પંડ્યાએ વધુમાં જણાવ્યુ હતુ કે, ભાજપા સંગઠનની પરંપરા મુજબ દર ત્રણ મહિને પ્રદેશ કારોબારી બેઠક મળતી હોય છે, જેમાં આગામી ત્રણ મહિનાના કાર્યક્રમોનું આયોજન તેમજ ચૂંટણી અને સંગઠનાત્મક બાબતો પર ચર્ચા-વિચારણા થશે. પ્રદેશ કારોબારી બેઠકમાં નર્મદા યોજના અંગેનો પ્રસ્તાવ, કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારને અભિનંદન આપતો પ્રસ્તાવ તેમજ રાજકીય પ્રસ્તાવ, એમ કુલ ત્રણ પ્રસ્તાવો પસાર કરવામાં આવશે. આ પ્રદેશ કારોબારી બેઠકમાં નીચે મુજબની અપેક્ષિત શ્રેણીના કાર્યકરો ઉપસ્થિત રહેશે.

પ્રદેશ કોર ગૃપ, પ્રદેશમાં રહેતા રાષ્ટ્રીય મોરચાના હોદ્દેદારશ્રીઓ, પ્રદેશ હોદ્દેદારશ્રીઓ, પ્રદેશ મોરચાના પ્રમુખશ્રી-મહામંત્રીશ્રીઓ, પ્રદેશ સેલના કન્વીનરશ્રીઓ, પ્રદેશના વિવિધ વિભાગ અને પ્રકલ્પની ટીમ, પ્રદેશ કારોબારી સભ્યશ્રીઓ, આમંત્રિત અને વિશેષ આમંત્રિત સભ્યશ્રીઓ, વિધાનસભા ચૂંટણીના જીલ્લા/મહાનગરના નિરિક્ષકશ્રીઓ, જીલ્લા/મહાનગરના પ્રભારીશ્રીઓ, જીલ્લા/મહાનગરના પ્રમુખ-મહામંત્રીશ્રીઓ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, બોર્ડ-નિગમના ચેરમેન-વાઇસ ચેરમેનશ્રીઓ, વિધાનસભા સીટના વાલી, જીલ્લા પંચાયતના પ્રમુખશ્રી, ઉપપ્રમુખશ્રી અને કારોબારી ચેરમેનશ્રી અથવા વિપક્ષના નેતાશ્રી, મહાનગર પાલિકાના મેયરશ્રી, ડેપ્યુટી મેયરશ્રી અને કારદબારી ચેરમેનશ્રી, બીજા પ્રદેશમાંથી આવેલ ચૂનાવ સહયોગીઓ, વિસ્તારકશ્રીઓ ઉપસ્થિત રહેશે.

(ડૉ. હર્ષદ પટેલ)
કન્વીનરશ્રી–મીડિયા સેલ